મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૫૯ ટકા
ગાંધીનગર તાપમાન

મુકિતધામ સેવા વસ્તી ખાતે ઉદગમ દ્વારા સ્વતંત્રતા દિનની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૪

ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણીનું ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૧૫ ઓગસ્ટ રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે સેવા વસ્તી, મુકિતધામ પાસે સેકટર-૩૦ ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ભારતના પાયાના પથ્થર એવા વંચિત સમુદાયના નાગરીકોના અમૂલ્ય યોગદાનને ધ્યાનમાં રાખીને વંચિત સમુદાયના બાળકો સાથે ભારતની આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરવા માટે નગરજનોને પધારવા માટે ઉદગમ સંસ્થાના ટ્રસ્ટી મયુર જોશી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં સ્વતંત્રતા દિનની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૪

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકો દેશભક્તિના રંગે રંગાયા હતા. જેમાં ભારત દેશને આઝાદી મળી તે વિશેની સમજૂતી બાળકોને આપી હતી. 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' આ સૂત્રને સાર્થક કરવા દેશને સ્વચ્છ બનાવવા આપણા ઘરથી શરૂઆત કરવી જોઈએ તે હેતુથી ફેકલ્ટી તથા બાળકોએ સ્વચ્છતા અભિયાન હાથ ધરી અને દેશને સ્વચ્છ રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. તથા ત્રિરંગો ઝંડો બનાવવાની પ્રવૃત્તિ, રાષ્ટ્રીય ગાન અને રાષ્ટ્રગીત ગાવાની સ્પર્ધા યોજાઈ હતી અને વીર સપૂતોને યાદ કરી દેશભક્તિના ગીત ગાઈ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી હતી.

એસ.વી. શાળામાં સ્વાતંત્ર્ય દિનની ઓનલાઈન ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રીસ્કૂલમાં સ્વાતંત્ર્યદિનની ઓનલાઈન ઉજવણી કરવામાં આવી હતી. શાળાના બાળકોએ જુદા જુદા વસ્ત્રો પરિધાન કરી પોતાના પાત્રને અનુરૂપ સ્પીચ આપી હતી. તમામ બાળકોએ કેસરી, સફેદ, લીલા રંગના ફુગ્ગા, ઝંડા, દુપટ્ટા, ફૂલો, ચાદર, મસૂરની અને મગની દાળ વગેરેથી સુંદર સજાવટ કરી હતી. શિક્ષિકાઓએ બાળકોને આ દિવસનું મહત્વ સમજાવી આઝાદીના લડવૈયાઓની ગાથા કહી રાષ્ટ્રધ્વજમાં રંગો પૂરવાની એક્ટિવીટી કરાવી હતી. સૌએ 'ભારત માતા કી જય'ના નારા લગાવી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

જે.એમ.પી. ગોપાલક સ્કૂલમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

જે.એમ.પી. ગોપાલક સ્કૂલ સેક્ટર-૧૫ ખાતે સ્વાતંત્ર્યદિન પર્વની ઉજવણીના ભાગ નિમિત્તે ઓનલાઈન ડ્રોઈંગ કોમ્પિટીશનનું આયોજન કરાયું હતું. જેમાં પ્રાયમરી વિભાગના ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ફોરમબેન અલમોલા અને રચનાબેન જોષીના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધા યોજાઈ હતી. શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રી, સંચાલક જગતભાઈ શાહ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ અને પ્રકાશભાઈ વાઘેલાએ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

આર.જી. પટેલ/એસ.બી. પટેલ શાળામાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

શાળાના ૭૫મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે શાળાના વર્ગખંડમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો સાથે દેશભક્તિના ગીતો ગાઈ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. જેમાં ધોરણ ૧૧/૧૨ની વિદ્યાર્થીનીઓએ દેશભક્તિના ગીતો ગાયા હતા. શિક્ષિકાબેન બિજલબેન, નારણભાઈએ પણ દેશભક્તિના ગીતો રજૂ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યના માર્ગદર્શન હેઠળ જયશ્રીબેન મહંત અને સવધિબેને કર્યુ હતુ.

ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ગોહિલ વિક્રમસિંહ પોપટજી, ઉ.વ. ૫૨, ઈન્દ્રોડા
- સ્વ. પ્રજાપતિ નાનીબેન ખેમાભાઈ, ઉ.વ. ૯૨, કલોલ
- સ્વ. જા અમીકુમાર લક્ષ્મીનારાયણ, ઉ.વ. ૬૬, બીએસએફ કવાર્ટર્સ
- સ્વ. ઝવેરી બલરામભાઈ રામચંદ્ર, ઉ.વ. ૮૨, સેકટર-૫

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પુનમદેવી તપનકુમાર, ઉ.વ. ૩૧, કુડાસણ

ઘ-૩ અને ચ-૩ સર્કલની વચ્ચે પાણીની પાઈપલાઈન તુટી જવાની વારંવાર સમસ્યા સર્જાય છે. પાઈપ તુટી જવાથી રસ્તા પર પાણી વહી રહ્યું છે અને રસ્તા પર પડેલા ખાડાઓમાં ભરાઈ રહ્યું છે. જેથી વાહનચાલકોને પડવાનો ભય પણ રહેલો છે. તાત્કાલિક તુટેલી પાઈપનું રીપેરીંગ કામ થવું જરૂરી છે જેથી પાણીનો બગાડ પણ અટકાવી શકાય.

કોલવડા બહેનને મળવા જતાં ભાઈનું સીટીબસમાંથી પડી જતાં મૃત્યુ

ગાંધીનગર, તા.૧૪

કોલવડા ખાતે બહેનને મળવા જતા ભાઈનું ટાટા ચોકડી પાસે સીટીબસમાંથી પડી જતા મૃત્યુ થયું છે. શહેરી બસના ચાલકે ટાટા ચોકડી પાસે વળાંક લેતા મુસાફર બસમાંથી પડી ગયા હતા. જેથી તેઓને શરીરે ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયાં પ્રાથમિક સારવાર બાદ ઈજાગ્રસ્તને અમદાવાદ સિવિલ ખસેડાયા હતા.જયાં સારવાર બાદ તેઓનું મૃત્યું થયું હતું. બનાવ અંગે મૃતકના દિકરાની ફરીયાદ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ મહેસાણાના મેઉ ગામના શેરથા પ્રજાપતિ વાસ ખાતે અમરસિંહ મફાજી ચાવડા કસ્તુરીનગર ઈફકો ટાઉનશીપમાં કેન્ટીન ચલાવતા હતા. જયારે અમરસિંહના પત્નીનું વર્ષ ૨૦૧૭માં અવસાન થયું હતું. જયારે અમરસિંહ દિકરા મેહુલ અને અતુલ સાથે સંયુકત પરિવારમાં રહેતા હતા. ગત તા.૫ ઓગસ્ટના રોજ અમરસિંહ બહેનના ઘરે કોલવડા જવા માટે સવારે ૭ વાગે ઘરેથી કહીને નીકળયા હતા. ત્યારબાદ શહેરની ટાટા ચોકડી પાસે સીટી બસના ચાલકે બસ પુરઝડપે અને ગફલતભરી રીતે સર્કલ ઉપરનો વળાંક વળાવતા બસની પાછળના દરવાજામાંથી અમરસિંહ નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ બેભાન થઈ ગયા હતા. જેથી ૧૦૮ દ્વારા તેઓને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયાં તેઓના પરિવારજનો આવી પહોંચ્યા હતા. જયાં તેઓને ડાબી આંખે, કાંડા પાસે તેમજ માથાના પાછળના ભાગે આંતરીક ઈજા થઈ હોવાનું ડોકટરે જણાવ્યું હતું. જેથી વધુ સારવાર માટે તેઓને તાત્કાલીક અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયાં ગત તા.૯ ના રોજ તેઓનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે સીટી બસ નં. જી.જે.૧૮ એ.ઝેડ.-૪૮૩૧ ના ચાલક સામે મૃતકના દિકરાએ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૧૪

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગડાદર તેમજ ખારી ગામના લાભાર્થીને પ્લાસ્ટિક, દફતર, નોટબુક, પેન અને નેનો હવન સાથે સામગ્રી પણ આપવામાં આવી હતી. આ કાર્યમાં મિલિંદભાઈ, અમૃતભાઈ તથા અન્ય કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૧૪

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા 'ફૂડ ફોર હંગર' અંતર્ગત ૩૫૦થી પણ વધુ ફરાળી પેકેટનું વિતરણ કરાયુ હતુ. જેમાં લાયન્સ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ બાદ શીરીષભાઈ મોદી (પૂર્વ પ્રમુખ લાયન)ને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમનું આયોજન ફૂડ ફોર હંગરના ચેરમેન લાયન મયુરસિંહ વાઘેલા દ્વારા કરાયુ હતુ. જન્મદિન નિમિત્તે શિરીષભાઈ મોદીએ ૧૦૦૦ રૂપિયાનું દાન સંસ્થાને સેવાકીય પ્રવૃત્તિ કરવા માટે આપી હતી તે બદલ લાયન્સ પરિવાર દ્વારા તેમનો આભાર વ્યક્ત કરાયો હતો.

વાસણા ખાતે કાનૂની શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદ અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર તથા ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે વાસણા ખાતે કાનૂની શિબિરનું આયોજન કરાયુ હતુ. શ્રી વાસન વિદ્યામંદિર અને બાશ્રી નાથુબા એલ. વાઘેલા હાયર સેકન્ડરી સ્કૂલમાં આ શિબિર યોજાઈ હતી. જેમાં કોર્ટ પ્રતિનિધિ અને પેરાલીગ વોલન્ટીયર સુધીર દેસાઈએ 'આઝાદીનો અમૃત મહોત્સવ' વિષય અંગે વક્તવ્ય આપ્યું હતું, અને વિદ્યાર્થીઓને આ ૭૫ અઠવાડિયા દરમિયાન ઉજવનારા વિવિધ પ્રસંગો, સ્પર્ધાઓની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કિન્નરીબેન મહેતા (પ્રિન્સિપાલ), બિપીનભાઈ બરંડા, રાકેશકુમાર રાણા અને શિક્ષક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

સરસ્વતી વિદ્યાલયમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

સરસ્વતી વિદ્યાલય સેક્ટર-૬/બી માં ૭૫માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે ઓનલાઈન પ્રવૃત્તિ યોજાઈ હતી. ધોરણ ૧ થી ૩ માં ચિત્રસ્પર્ધા અને ધોરણ ૪ થી ૮ માં દેશભક્ત વક્તૃત્વ અને દેશભક્તી ગીત સ્પર્ધા યોજાઈ હતી. તથા શાળાના શિક્ષકોએ આપણો દેશ આઝાદ ક્યારે થયો અને દેશને આઝાદ કરવામાં કોનો કોનો ફાળો રહેલો છે તે અંગેની સમજૂતી શાળાના વિદ્યાર્થીઓને આપી હતી. હિતેન્દ્રસિંહ પરમાર (આચાર્ય)એ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન આપી સ્વાતંત્ર્યદિનની શુભેચ્છા પાઠવી હતી.

એસ.કે. પટેલ સ્કૂલમાં ઓનલાઈન સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ઓનલાઈન સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ હતી. જેમાં બાળકોએ ઝાંસી કી રાણી, ગાંધીજી, ઈન્દિરા ગાંધી, જવાહર નહેરુ, ચંદ્રશેખર આઝાદ, સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ જેવી વેશભૂષાઓ ધારણ કરીને તેમના કરેલા કાર્ય વિશે પાંચ વાક્યો બોલ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શિક્ષિકાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૧૪

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હરિભાઈ ચૌધરી (પ્રમુખ), શંકરભાઈ ચૌધરી (ઉપપ્રમુખ), યશવંત ચૌધરી (કેમ્પસ ડાયરેક્ટર), ડૉ. એમ.એમ. ચૌધરી (આચાર્ય) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. સજ્જનબેન ચૌધરી અને ડૉ. તારાબેન દેસાઈ દ્વારા કરાયુ હતુ. કોલેજના સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓને કાર્યક્રમ અંગે શુભેચ્છા પાઠવી હતી.

આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે 'મમરા-ધાણી'ના સમલંકૃત હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે વેણીના હિંડોળા યોજાશે.

જન્મદિને વધામણી

હરિન ભટ્ટ
સ્કલ્પચર આર્ટીસ્ટ

કિન્નર ઝવેરી
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૨૧૧૩૫

યોગેશ બી નાયી
પૂર્વ સરપંચ કોબા
મો. ૯૪૨૬૦ ૬૩૪૭૧

સુરેશકુમાર રત્નોત્તર
ગાયક, મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩

વિભૂતિબા છત્રસિંહ ચૌહાણ

મિહીર સુખદેવભાઈ દવે
મો. ૮૭૩૪૯ ૫૭૬૭૮

જયંતકુમાર રાવલ

કિશા યોગેશભાઈ રાઠોડ
મો. ૯૭૨૭૬ ૫૬૫૩૫

તેજેન્દ્રકુમાર પટેલ
મો. ૯૯૦૪૧ ૫૮૭૬૨

પ્રાચી શૈલેષભાઈ ચૌહાણ
મો. ૭૩૮૩૭ ૨૪૪૯૪

મનિષાબેન પટેલ

કૃષ્ણા જયેશ ટાંક

હિરલ હાર્દિક જોષી
મો. ૮૩૩૩૮ ૨૬૭૧૦

પંકજ વી ત્રિવેદી
મો. ૯૦૯૯૯ ૧૬૨૨૭

સુશીલા હેમચંદ્ર થોરાત
મો. ૯૪૨૭૦ ૫૪૧૧૩

જયંતકુમાર બાબુલાલ રાવલ
મો. ૯૪૨૬૩ ૦૨૮૯૩૯

બંસરી શુક્લ

૧૬/૦૮/૨૦૨૧ જન્મદિવસ

રાઠોડ ભરતસિંહ છત્રસિંહ
મો. ૯૪૨૮૪ ૧૫૪૦૭



પ્રિયાંશી રાજેશકુમાર સુથાર

૧૬/૦૮/૨૦૨૧ જન્મદિવસ

અરવિંદ છગુજી ખાંટ
ગાંધીનગર ભાજપ

કુંજ પંકજ ત્રિવેદી
મો. ૯૯૦૯૮ ૩૩૯૭૯